રે. દિ. મુ. નંબર : ૫૮/૨૦૨૪

રજુ તારીખ : ૨૮/૦૬/૨૦૨૪
દાખલ તારીખ : ૨૮/૦૬/૨૦૨૪
ફેસલ તારીખ : ૦૫/૦૫/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૧૦ માસ ૦૭ દિવસ

## ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રે.દિવાની મુકદમા નંબર : ૫૮/૨૦૨૪
આંક :

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
મારફતે :– નાયબ ઈજનેરશ્રી,
પી.જી.વી.સી.એલ.,ભાણવડ સબ ડીવીઝન,
મું. ભાણવડ, તા. ભાણવડ, જી.દેવભુમી–દવારકા.

વિરૂધ્ધ

પ્રતિવાદી : સાગઠીયા જયોત્સનાબેન હીતેશભાઈ,
ઉવ.પુખ્ત, ધંધો. ઘરકામ,
રે.''ગાત્રાળ કૃપા'', પંચવટી સોસાયટી–૧,
પટેલ સમાજ રોડ, જીયો ટાવરની બાજુમાં,
ભાણવડ,તા.ભાણવડ, જી.દેવભુમી–દવારકા

દાવો : વિજ વપરાશની લેણી રકમ રૂ.૨,૫૬,૧૮૨–૧૭ પૈસા વસુલ મળવા બાબત...

.....................................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.ટી.નાણાવટી
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી : એકતરફી

.....................................................................................................

### જ જ મે ન્ટ

(૧) આ કામના વાદી કાયદાથી રચાયેલ સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વીજળી વિસ્તરણ અને વિતરણની સેવાઓ આપે છે. વાદી સંસ્થા વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને કાયદેસરના ગ્રાહકો જે વીજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે. હાલના પ્રતિવાદી વાદીનાં ગ્રાહક હતા. આ કામના પ્રતિવાદી પંચવટી સોસાયટી–૧, પટેલ સમાજ રોડ, જીયો ટાવરની બાજુમાં, ભાણવડનાં રહીશ છે અને પંચવટી સોસાયટી–૧ માં પોતાની માલીકીનાં રહેણાંક મકાન

ધરાવે છે. આ કામના પ્રતિવાદીએ પોતાના રહેણાંક હેતુ માટે વપરાશ કરી પાવર ચોરી કરી વિજ વપરાશ કરેલો. આ કામના પ્રતિવાદી વીજ જોડાણ નં.૩૨૮૦૧/૧૨૦૫૦/૨ વાળુ કનેકશન ધરાવતા હતા અને રહેણાંક નાં હેતુ માટે ચાલતુ હતુ.

(૨) આ કામનાં પ્રતિવાદીને તેના રેગ્યુલર વીજ વપરાશનું બીલ તા.૨૧/૦૨/૨૦૨૩ થી તા.૨૩/૧૧/૨૦૨૩ નું આપેલ હતુ, આ દરમ્યાન નવેમ્બર–૨૨ માં મીટર ફોલ્ટી જણાતા પ્રફોમા–૧૫ ભરી તા.૦૭/૧૨/૨૦૨૨ ના વાદીનાં સ્ટાફે મીટર બદલાવેલુ. જુનુ મીટર ઉતારેલુ વાદીનાં નીયમ મુજબ વાદી કંપનીમાં પેપર પેક કરી આપવામાં આવેલુ અને સદર મીટર લેબચકાસણીમાં જતા લેબોરેટરીમાં ચકાસણી વખતે મીટરમાં પેન્ડીગ ચુનીટ આવેલા જે પેન્ડીગ ચુનીટનો ચકાસણી અહેવાલ વાદી કચેરીમાં જમા થતા વાદીએ રેગ્યુલર બીલનાં બાકી રૂા.૪૦,૩૦૫–૬૫ તથા લેબ ચકાસણીમાં આવેલ પેન્ડીંગ ચુનીટનું બીલ રૂા.૧,૮૦,૨૫૦–૬૭ પૈસાનું ગણી કુલ રૂા.૨,૨૦,૫૫૬–૩૨ પૈસાનું બીલ આપેલુ. જે બીલ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા પ્રતિવાદી રકમ ભરતા ન હોય પ્રતિવાદીને નોટીસ આપેલી. જે કાનુની નોટીસ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા પ્રતિવાદીએ રકમ ભરપાઈ કરેલ નથી. આમ, આ કામના પ્રતિવાદી સામે તેઓને કાયદેસરની લેણી રકમ બાકી પડે છે. જે રકમ વસુલાત ન આપતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં.૧૦ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની આંક–૫ થી ધોરણસર બજવણી થવા છતાં હાજર રહેલા ન હોય, સબબ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ આંક ૧ લગત એકતર્ફી કામ આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આાધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | ISSUES |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી ગ્રાહક નં.૩૨૮૦૧/૧૨૦૫૦/૨ વાળુ રહેણાંક હેતુ માટે વિજ કનેકશન ધરાવતા હતા ? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપની દવારા વીજ વપરાશ અન્વયે ગણતરી કરી બીલ પ્રતિવાદીને આપેલ હતુ, જે બીલ ભરવામાં આ કામના પ્રતિવાદીએ કસુર કરેલી છે ? |
| 3 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું હુકમ અને હુકમનામું ? |

રે. દિ. મુ. નંબર : ૫૮/૨૦૨૪

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 4. | અંશત: હકારમાં |
| 5 | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| અ.ન. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી નાયબ ઈજનેર સંદિપકુમાર અંબેલાલ પટેલનુ પુરાવાનું સોગંદનામુ | ૦૮ |
| ૨. | દાવો દાખલ કરવામાટેનો પરવાનગીનો પત્ર | ૧૧ |
| ૩. | પરવાનગી | ૧૨ |
| ૪. | કાર્યપાલક ઈજનેરની પરવાનગી | ૧૩ |
| ૫. | માલસામાન ખસેડવાનો હુકમ | ૧૪ |
| ૬. | પ્રફોમા–૧૫ | ૧૫ |
| ૭. | ગેટપાસ | ૧૬ |
| ૮. | મીટર ચકાસણીનો અહેવાલ | ૧૭ |
| ૯. | પ્રતિવાદીનું વીજ બીલ | ૧૮ |
| ૧૦. | વીજ બીલ | ૧૯ |
| ૧૧. | લેઝર | ૨૦ |
| ૧૨. | ગણતરી પત્રક | ૨૧ |
| ૧૩. | એરીઅર્સ બ્રેકઅપ ફોર્મ | ૨૨ |
| ૧૪. | પેન્ડીંગ યુનીટનું બીલ | ૨૩ |
| ૧૫. | પત્ર પોસ્ટ કર્યાનું કુપન | ૨૪ |
| ૧૬. | લીગલ નોટીસ | ૨૫ |

| | | |
|---|---|---|
| ૧૭. | એકનોલેજમેન્ટ | ૨૬ |
| ૧૮. | કલમ–૩૪૫ ની નોટીસ | ૨૭ |
| ૧૯. | પરત આવેલ બંધ કવર | ૨૮ |
| ૨૦. | સ્થળ તપાસણી અહેવાલ | ૨૯ |
| ૨૧. | બ્રીફ નોટ | ૩૦ |
| ૨૨. | પ્રફોમા–૧૨ | ૩૧ |
| ૨૩. | સાહેદ નિરવકુમાર છગનલાલ બજાણીયાનું પુરાવાનું સોગંદનામુ | ૩૬ |

બાદ આ કામે આંક : ૩૭ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. આ કામે પ્રતિવાદી તરફે કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય પ્રતિવાદી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૫ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

:: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૫ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે. વાદીએ આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે. વાદી તરફે રજુ મૌખિક પુરાવો ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાની હકકીત વાદી પ્રસ્થાપિત કરી શકેલા છે, તેમજ આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોય, તેવી તેઓ તર્ફે હાજર રહી કોઈ જ તકરાર લેવામાં આવેલ નથી, સબબ આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાની હકીકત વાદી પુરવાર કરવામાં સફળ થયેલા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ સદર કામે વાદી તરફે આંક–૩૬ થી સાહેદ નિરવકુમાર છગનલાલ બજાણીયાનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ રાખેલ છે. જેમાં તેઓએ મીટર ચકાસણી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ચકાસણી કરતા પેન્ડીંગ યુનીટ આવેલ હોવાની હકીકત જણાવેલ છે. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદી વીજ કનેકશન ધરાવતા હોવાનો અને પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી વીજ મેળવેલ હોવા અંગેનો છે. જે વીજ વપરાશ કરવા અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી ધ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી બાકી નીકળતી રકમ રૂા.૨,૫૬,૧૮૨–૧૭ પૈસા

મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ ધ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો પૈકી આંક–૨૩ થી પ્રતિવાદીને આપવામાં આવેલ બીલ રજુ રાખવામાં આવેલ છે તેમાં બીલની રકમ રૂા.૨,૨૦,૫૫૬–૩૨ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેમજ આંક–૨૫ થી રજુ રાખેલ લીગલ નોટીસ ધ્યાને લેવામાં આવે તો તેમાં બાકી બીલની રકમ રૂા.૨,૨૦,૫૫૬–૩૨ પૈસા જણાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૨,૨૦,૫૫૬–૩૨ પૈસા માંગતા હોવાની હકીકત હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧,૨ નો જવાબ હકારમા ઠરાવેલ છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004 (10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં મુદદા નંબર : ૩ તથા ૪ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી તથા મુદદા નંબર : ૫ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રૂા.૨,૨૦,૫૫૬–૩૨ પૈસા (અંકે રૂપિયા બે લાખ વીસ હજાર પાંચસો છપ્પન અને બત્રીસ પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૦૫ મી, માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૦૫–૦૫–૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮